

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર | Mo- 9016924808 | સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 23,(SURAT), DATE-26/11/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૨૩, (સુરત), તા.૨૬/૧૧/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 ૫૦૦ વર્ષના યજ્ઞની પૂર્ણાહુતિ, ભારતીય સભ્યતાનું પુન જાગરણ

3 કચ્છઃ રાપરના કુડા પાસેના રણની સીમા પાસેથી વધુ એક પાકિસ્તાની યુગલ ઝડપાયું, ગૌરી અને પોપટ છે સિંધના મીઠી પ્રાંતના

4 ખોલવડમાં ૪૩ વર્ષીય પરપ્રાંતિય મૃત હાલતમાં મળ્યોઃકામરેજ પોલીસે રહસ્યમય સંજોગોમાં મોત અંગે તપાસ શરૂ કરી

## સ્વામીજીએ સતસંગી સભા ભરતા નાના મોટા સૌ બાળકો યુવાનો ને મોબાઇલ જરૂરીયાત પુરતો જ ઉપયોગ કરવામાં ખાસ અનુરોધ કર્યો છે. નાના બાળકો ને મોબાઇલ ના વ્યસનથી દુર રહેવા માટે ખાસ જણાવ્યું છે

### ઉમરાગામ ખાતે પ્રગટ ગુરુહરિ પ્રબોધજીવન સ્વામીજીના સાનિધ્યમાં હરિપ્રબોધમ સંતસગ પરિવાર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



કામરેજ : ઉમરાગામ ખાતે પ્રગટ ગુરુહરિ પ્રબોધજીવન સ્વામીજીના સાનિધ્યમાં હરિપ્રબોધમ સંતસગ પરિવાર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. જેમાં બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી ના આધ્યાત્મિક ગુણાતીત વારસદાર પ. પૂ ગુરુહરી પ્રબોધજીવનદાસ સ્વામીજી બાકરોલ AVD થી પધાર્યા હતા હરિચિંતન પ્રદેશના પ્રાદેશિક સંત સુહૃદજીવનદાસ સ્વામી, અર્જુન મામા, નટુભાઈ, રમેશબાપા, ગુણવંતભાઈ, બીપીનભાઈ, નંદલાલભાઈ, મનીષભાઈ દેસાઈ સહિત વડીલ સત્સંગી સમાજ ના મહાનુભાવો સભા મા ઉપસ્થિત રહ્યા હતા

જયેશભાઈ ઉમરા, નીતિનભાઈ કોરી ભરથાણા, આશિષભાઈ સાધિયર, હિતેશભાઈ નવીપારડી, સુનિલભાઈ મિસ્ત્રી, દીપકભાઈ સતાણી, પિયુષભાઈ ચોથાણી જયેન્દ્રસિંહ ચાવડા, મયુરભાઈ વાસીયા, હેમંતભાઈ બારડોલી, વિક્રમસિંહ ચાવડા, કલ્પેશભાઈ વગેરે સત્સંગી લીડરો સત્સંગ મંડળ સાથે સભા પરાવાણી નો લાભ લીધો બારડોલી કોરી ભરથાણા, ઓલપાડ, કામરેજ, નવસારી જેવા વિવિધ વિસ્તારો માથી હરિભક્તો ખૂબ મોટી સંખ્યામાં પધાર્યા હતા સત્સંગ સભા બાદ હરિભક્તોએ પ્રસાદી લય અને પ્રગટ ગુરુહરી પ્રબોધજીવન સ્વામીજી દ્વારા શિક્ષાપત્રી નુ જીવનમાં મહત્વ કેટલું છે.

આ કળિયુગમાં જીવન જીવવા માટે સુદર્શન ચક્ર જડીબુટ્ટી સમાન ૨૧૨ સ્લોક નિયમની શિક્ષાપત્રી નું વિશેષ મહાત્મય ખૂબ જ વિસ્તાર પૂર્વક સમજાવ્યું હતું બાળસભા ઘરસભા યુવાસભા મા યુવાનો જાગૃત થાય છે. આત્મીયતાથી જીવન જીવતા થાય સંતસગ અંગે ધ્યાન કેન્દ્રિત કરી માર્ગદર્શન આપ્યું હતું આ પ્રવચન પરાવાણી નો સૌ પધારેલ આત્મીય ભક્તો એ લાભ લીધો હતો.

ઉમરાગામ ખાતે નવનિર્માણ થનાર આત્મીય સંસ્કારધામ માટે સ્વામીજી સત્સંગ સમાજને ખૂબ ખૂબ શુભેચ્છા આશીર્વાદ આપ્યા હતા. આજુ બાજુ સોસાયટીના લોકો આ સંસ્કાર ધામ ભવિષ્યમાં લાભ લેશે તેમના સંતાનો ચારિત્રવાન અને સંસ્કારી જીવન જીવે એવા અંતરથી વાત આપ્ય એવા અંતરથી જય સ્વામિનારાયણ કહીને આશીર્વાદ આપ્યા હતા.

## અયોધ્યામાં સદીઓ બાદ રામમંદિર પર લહેરાઇ ધ્વજા, વિશ્વભરના રામભક્તો ભાવુક



**ઉત્તર પ્રદેશ-** આજે ઉત્તર પ્રદેશના અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ધ્વજા ચડાવવામાં આવી હતી. નવા મંદિરના નિર્માણ બાદ શિખર વિના જ ગયા વર્ષે મંદિરમાં દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. હવે શિખર સાથે આખું મંદિર બનીને તૈયાર થયું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મંદિરના શિખર પર ધ્વજારોહણ કર્યું હતું. ખાસ વાત એ છે કે શિખર પર લગાવવામાં આવેલો ધ્વજ દંડ અને ધ્વજા બંને અમદાવાદમાં બનાવવામાં આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સિયાવર રામચંદ્ર કી જય...'ના ઉદ્‌ઘોષ સાથે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'આજે અયોધ્યા નગરી દેશની સાંસ્કૃતિક ચેતનાના વધુ એક ઉત્કર્ષ બિંદુની સાક્ષી બની છે. આજે સંપૂર્ણ ભારત અને અને સંપૂર્ણ વિશ્વ રામમય છે. દરેક રામભક્તના હૃદયમાં આજે અદ્વિતીય સંતોષ અને અપાર અલૌકિક આનંદ છે. સદીઓના ઘા હવે રુઝાઇ રહ્યા છે. સદીઓની વેદનાને આજે વિરામ મળી રહ્યો છે. સદીઓના સંકલ્પ આજે સિદ્ધ થઈ રહ્યા છે. આજે તે યજ્ઞની પૂર્ણાહુતિ છે જેની અગ્નિ ૫૦૦ વર્ષ સુધી પ્રજવલિત રહી.'

ધર્મ ધ્વજા અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આજે ગર્ભગૃહની અનંત ઊર્જા આ ધર્મ ધ્વજાના રૂપે પ્રતિષ્ઠાપિત થઈ છે. આ ધર્મધ્વજા સામાન્ય ધ્વજા નથી, પરંતુ ભારતીય સભ્યતાના પુન:જાગરણની ધજા છે. આ ધ્વજા સંઘર્ષથી સર્જનની ગાથા છે. આ ધ્વજા સદીઓ જૂના સપનાઓનું સાકાર સ્વરૂપ છે. આગામી સહસ્ત્ર સદીઓ સુધી પ્રભુ રામના આદર્શોનું ઉદ્‌ઘોષ કરશે. હું આજે તે તમામ ભક્તો, દાનવીર, શ્રમવીર, યોજનાકાર અને વાસ્તુકારને પ્રણામ અને અભિનંદન કરું છું. અયોધ્યા તે ભૂમિ છે જ્યાં આદર્શ આચરણમાં બદલાય છે. અયોધ્યાએ સંસારને બતાવ્યું કે એક વ્યક્તિ કેવી રીતે સમાજની શક્તિ અને સંસ્કારથી પુરુષોત્તમ બને છે. શ્રીરામ અયોધ્યાથી વનવાસ માટે ગયા ત્યારે તેઓ યુવરાજ હતા પરંતુ પરત આવ્યા ત્યારે મર્યાદા પુરુષોત્તમ બનીને આવ્યા.'

વિકસિત ભારતના નિર્માણ અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'છેલ્લા ૧૧ વર્ષમાં મહિલા, દલિત, આદિવાસી, યુવા, ખેડૂતો, શ્રમિક સહિત દરેક વર્ગને વિકાસના કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. દરેક ક્ષેત્ર સશક્ત થશે ત્યારે સંકલ્પની સિદ્ધિમાં સૌ કોઈના પ્રયાસ લાગશે. આપણે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવું પડશે. આપણે આગામી ૧ હજાર વર્ષો માટે ભારતનો પાયો મજબૂત કરવો છે. જે માત્ર વર્તમાનનું વિચારે તે આગામી પેઢી સાથે અન્યાય કરે છે. આપણે નહોતા ત્યારે પણ દેશ હતો અને જયારે આપણે નહીં હોઈએ ત્યારે પણ દેશ રહેશે.'

અયોધ્યાની વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, 'આજે, અયોધ્યા શહેર ભારતના સાંસ્કૃતિક જાગૃતિના બીજા એક ક્ષણનું સાક્ષી બની રહ્યું છે. આજે આખું ભારત, આખું વિશ્વ રામમય બની ગયું છે. આજે રામ ભક્તોના હૃદયમાં અનંત આનંદ છે. સદીઓ જૂના ઘા રૂઝાવાની સાથે, સદીઓ જૂના સંકલ્પો પણ પૂર્ણ થઈ રહ્યા છે. આજે એક યજ્ઞનો અંતિમ અર્પણ છે જેની આગ પાંચસો વર્ષથી સળગી રહી છે. આજે, ભગવાન શ્રી રામના ગર્ભગૃહની અનંત ઊર્જા સ્થાપિત થઈ છે. આ ધર્મધ્વજ ઇતિહાસના સુંદર જાગૃતિનો રંગ છે.

॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292
શ્રીબાલાજી ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-

શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.
મેરીયોટવિલા ની સામે, ઘામળોદ રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# અયોધ્યાના શ્રીરામ મંદિરની ધ્વજાના પ્રથમ દર્શન, સોનાથી મઢેલો છે ધ્વજદંડ



અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરના શિખર પર સ્થાપિત થનારા ધર્મ ધ્વજાની પ્રથમ તસવીર સામે આવી છે. કેસરિયા રંગની આ પવિત્ર ધ્વજની સ્થાપના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે. નવા મંદિરના નિર્માણ બાદ શિખર વિના જ ગયા વર્ષે મંદિરમાં દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. હવે શિખર સાથે આખું મંદિર બનીને તૈયાર થયું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મંદિરના શિખર પર ધ્વજા ચડાવવામાં આવશે. ખાસ વાત એ છે કે શિખર પર લગાવવામાં આવેલો ધ્વજ દંડ અને ધ્વજા બંને અમદાવાદમાં બનાવવામાં આવ્યા છે.

રામ મંદિરના શિખર પર શોભવા જઈ રહેલા ધ્વજનું નામ રધર્મ ધ્વજ છે. તેના ઉપર સૂર્યની આકૃતિ હોવાથી તે 'સૂર્ય ધ્વજ' તરીકે પણ ઓળખાઈ રહ્યો છે. આ ધ્વજ હવામાનના પ્રતિકૂળ પરિબળો જેવા કે તીવ્ર તાપ, ભારે વરસાદ અને ૬૦ કિ.મી. પ્રતિ કલાક જેટલી તીવ્ર ગતિના પવનો સામે ટકી રહે એટલો મજબૂત છે.

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના ૧૬૧ ફૂટ ઊંચા ધ્વજદંડને હવે સોનાથી મઢવામાં આવ્યો છે. આ કામ માટે આશરે ૨૧ કિલોગ્રામ સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનાથી મંદિરના શિખરને એક નવો દેખાવ મળ્યો હતો. આ મહત્ત્વપૂર્ણ અને જટિલ કાર્ય પૂર્ણ કરવા માટે મુંબઈના કારીગરોને ખાસ બોલાવવામાં આવ્યા હતા.

**નાગર શૈલીના શિખર પર સ્થાપના**

આ ધર્મ ધ્વજ પરંપરાગત ઉત્તર ભારતીય નાગર શૈલીમાં નિર્મિત મંદિરના 'શિખર' પર લહેરાવવામાં આવશે. આ પવિત્ર ભગવો ધ્વજ રામ રાજયના આદર્શોને પ્રતિબિંબિત કરતા, ગરિમા, એકતા અને સાંસ્કૃતિક નિરંતરતાનો સંદેશ આપશે.

# ૫૦૦ વર્ષના યજ્ઞની પૂર્ણાહુતિ, ભારતીય સભ્યતાનું પુન જાગરણ : અયોધ્યામાં ધ્વજારોહણ બાદ વડાપ્રધાન મોદીનું સંબોધન

## આ ધર્મ ધ્વજા ભારતની સભ્યતાના પુનઃજાગરણનું પ્રતીકઃ વડાપ્રધાન મોદી

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું. નવા મંદિરના નિર્માણ બાદ શિખર વિના જ ગયા વર્ષે મંદિરમાં દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. હવે શિખર સાથે આખું મંદિર બનીને તૈયાર થયું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મંદિરના શિખર પર ધ્વજા ચડાવવામાં આવી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સિયાવર રામચંદ્ર કી જય...'ના ઉદ્‌ઘોષ સાથે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું, કે 'આજે અયોધ્યા નગરી દેશની સાંસ્કૃતિક ચેતનાના વધુ એક ઉત્કર્ષ બિંદુની સાક્ષી બની છે. આજે સંપૂર્ણ ભારત અને અને સંપૂર્ણ વિશ્વ રામમય છે. દરેક રામભક્તના હૃદયમાં આજે અદ્વિતીય સંતોષ અને અપાર અલૌકિક આનંદ છે. સદીઓના ઘા હવે રુઝાઈ રહ્યા છે. સદીઓની વેદનાને આજે વિરામ મળી રહ્યો છે. સદીઓના સંકલ્પ આજે સિદ્ધ થઈ રહ્યા છે. આજે તે યજ્ઞની પૂર્ણાહુતિ છે જેની અગ્નિ ૫૦૦ વર્ષ સુધી પ્રજવલિત રહી.

આજે ગર્ભગૃહની અનંત ઊર્જા આ ધર્મધ્વજાના રૂપે પ્રતિષ્ઠાપિત થઈ છે. આ ધર્મ ધ્વજા કેવળ એક ધ્વજા નહીં પણ ભારતીય સભ્યતાના પુનઃજાગરણની ધજા છે. આ ધ્વજા સંઘર્ષથી સર્જનની ગાથા છે. આ ધ્વજા સદીઓ જૂના સપનાઓનું સાકાર સ્વરૂપ છે. આગામી સહસ્ત્ર સદીઓ સુધી પ્રભુ રામના આદર્શોનું ઉદ્‌ઘોષ કરશે. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યુ કે હું આજે તે તમામ ભક્તો, દાનવીર, શ્રમવીર, યોજનાકાર અને વાસ્તુકારને પ્રણામ અને અભિનંદન કરું છું. અયોધ્યા તે ભૂમિ છે જયાં આદર્શ આચરણમાં બદલાય છે. અયોધ્યાએ સંસારને બતાવ્યું કે એક વ્યક્તિ કેવી રીતે સમાજની શક્તિ અને સંસ્કારથી પુરુષોત્તમ બને છે. શ્રીરામ અયોધ્યાથી વનવાસ માટે ગયા ત્યારે તેઓ યુવરાજ હતા પરંતુ પરત આવ્યા ત્યારે મર્યાદા પુરુષોત્તમ બનીને આવ્યા.



# બારડોલીની શાળામાં ફાયર મોકડ્રિલ યોજાઈ:વિદ્યાર્થીઓને આગ સામે બચાવ અને તકેદારી શીખવાડાઈ



બારડોલી- સુરત જિલ્લા ફાયર વિભાગ દ્વારા બારડોલી નગરની યુનિટ ઇંગ્લિશ સ્કૂલ અને બી.એન.બી. કોન્વેન્ટમાં આગ સામે સાવચેતીના ભાગરૂપે મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રિલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને શાળા સ્ટાફને આગ જેવી આકસ્મિક પરિસ્થિતિમાં સુરક્ષિત રહેવા માટે તાલીમ આપવાનો હતો. જોકે, આ સમગ્ર ઘટના એક મોકડ્રિલનો ભાગ હતી. આ અભ્યાસ દ્વારા શાળામાં અચાનક આગ લાગે ત્યારે શું કરવું, કેવી રીતે સુરક્ષિત બહાર નીકળવું અને કઈ તકેદારી રાખવી તેની વિસ્તૃત જાણકારી વિદ્યાર્થીઓ અને સ્ટાફને પ્રાયોગિક રીતે આપવામાં આવી હતી.

# કામરેજની રામકબીર શાળાના વિદ્યાર્થીઓની ISRO ના સાપ્તાહિક કાર્યક્રમ માટે પસંદગી









ગુજરાત રાજય સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગીય સંસ્થા (GUJCOST ) ગાંધીનગર પ્રેરિત ભાવિકા પ્રોગ્રામ ઇસરો માટે શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામકબીર શાળાના વિદ્યાર્થીઓ જોષી મિત અશોકભાઈ અને ભાલિયા આયુષી જયેશભાઈ ની પસંદગી કરવામાં આવી હતી. સુરત શહેર અને જિલ્લામાંથી માત્ર ત્રણ જ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. આ વિદ્યાર્થીઓએ તા. ૧૫ /૧૧ / ૨૦૨૫ થી તા. ૨૩ / ૧૧ / ૨૦૨૫ સુધી અમદાવાદ ISRO ખાતે વૈજ્ઞાનિકો સાથે કાર્ય કરી ખૂબ જ સુંદર માર્ગદર્શન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓએ ISRO ના અનુભવોની ચર્ચા શિક્ષકમિત્રો તેમજ વિદ્યાર્થીમિત્રો સાથે કરી અન્યને પણ પ્રોત્સાહિત કર્યા હતા.

સંસ્થાને ગૌરવ અપાવવા બદલ બંને વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા - પિતા, માર્ગદર્શક મિત્રો, સુરત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર નો ખુબ આભાર વ્યક્ત કરી પ્રમુખ શ્રી અરવિંદભાઈ ભક્ત, માનદમંત્રી શ્રી પરેશભાઈ ભક્ત, ખજાનચી શ્રી જીજ્ઞેશભાઈ ભક્તે શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દેસા, ઉ.મા. વિભાગના નિરીક્ષક શ્રી કેતનભાઇ દેસાઈ, વિજ્ઞાન પ્રવાહના શિક્ષકમિત્રો તેમજ રામકબીર શાળા પરિવારને અભિનંદન પાઠવી બંને વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

## મહુવા તાલુકામાં નરડા-આમચક રોડનું નિર્માણ શરૂ

# ૫૦ લાખના ખર્ચે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કામગીરી પ્રગતિમાં





મહુવા- પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા મહુવા તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ નરડાથી આમચક તરફના રસ્તાનું નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે. આ રસ્તો આશરે ૫૦ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી રહ્યો છે.

આ નવા રસ્તાના નિર્માણથી નરડા અને આમચક ગામો વચ્ચેનું અંતર નોંધપાત્ર રીતે ઘટશે. અગાઉ નરડા ગામના લોકોને આમચક જવા માટે ૭.૫૦ કિલોમીટરનો લાંબો ફેરો કરવો પડતો હતો. હવે આ અંતર ઘટીને માત્ર ૧.૦૦ કિલોમીટર જેટલું થઈ જશે. રસ્તો સારી સપાટીનો બનવાથી મુસાફરીનો સમય પણ બચશે અને લોકોને પાકા તથા ટકાઉ રસ્તા મળશે. આવા નવા રસ્તાઓ બનવાથી ગ્રામીણ વિસ્તારોના લોકોને ઓછા સમયમાં અને સરળતાપૂર્વક મુસાફરી કરવાની સુવિધા પ્રાપ્ત થશે, જે સ્થાનિક વિકાસમાં પણ મદદરૂપ થશે.

## બારડોલીમાં BLO કામગીરી અંગે બેઠક યોજાઈ

# રાજકીય પક્ષોના પદાધિકારીઓને માહિતી અપાઈ, ભવિષ્યના આયોજનની ચર્ચા




બારડોલી- રાજયના વિવિધ જિલ્લાઓમાં SIR (સ્ટેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રીજન) ની કામગીરી ચાલી રહી છે. આ અંતર્ગત બારડોલી સહિતના તાલુકાઓમાં ફોર્મ ભરવામાં લોકોને પડતી મુશ્કેલીઓ અને વિસંગતતાઓને ધ્યાનમાં રાખીને, બારડોલી પ્રાંત અધિકારી દ્વારા એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠક બારડોલી પ્રાંત કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં તાલુકાના વિવિધ અધિકારીઓ અને રાજકીય પક્ષોના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં SIR કામગીરીની શરૂઆતથી અત્યાર સુધીની પ્રગતિનો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, SIR ના જરૂરી ફોર્મ ભરવા અંગે સંપૂર્ણમાર્ગદર્શન પૂરૂંપાડવામાંઆવ્યું હતું. ભવિષ્યના આયોજન અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

**બારડોલી સહિતના તાલુકાઓમાં ફોર્મ ભરવામાં લોકોને પડતી મુશ્કેલીઓ અને વિસંગતતાઓને ધ્યાનમાં રાખીને, બારડોલી પ્રાંત અધિકારી દ્વારા એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું**

## ગાંધીનગર મેડિકલ કોલેજમાં રેગિંગ કેસમાં શિક્ષણ વિભાગની મોટી કાર્યવાહી

# ૭ વિદ્યાર્થીઓ ૨ વર્ષ માટે સસ્પેન્ડ, અન્યને ૬ માસની સજા; મંત્રી પ્રફુલ પાનશેરિયાએ આપી માહીતી



કામરેજ- ગાંધીનગર મેડિકલ કોલેજમાં રેગિંગની ગંભીર ઘટના બાદ રાજ્ય સરકારે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરી છે. તબીબી શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જાહેરાત કરી કે, રેગિંગમાં સામેલ ત્રીજા વર્ષના સાત વિદ્યાર્થીઓને બે વર્ષ માટે અને બીજા વર્ષના અન્ય વિદ્યાર્થીઓને છ માસ માટે કોલેજમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ ઘટના ત્યારે સામે આવી જયારે હોસ્ટેલ ડીનને રેગિંગની ફરિયાદ મળી. કોલેજ તંત્રએ તાત્કાલિક સીસીટીવી ફૂટેજની તપાસ કરી. જેમાં ત્રીજા અને બીજા વર્ષના વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને માનસિક ત્રાસ આપી હેરાન કર્યા હોવાનું અને તેમની સાથે અસામાજિક તથા અનૈતિક વર્તન કર્યું હોવાનું સ્પષ્ટ થયું હતું. પુરાવાના આધારે, કસૂરવાર વિદ્યાર્થીઓ વિરુદ્ધ આ કડક પગલું લેવાયું છે.


મંત્રી પાનશેરિયાએ તમામ વિદ્યાર્થીઓને વિનંતી કરતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ તેમના માતા-પિતાના સ્વપ્નને સાકાર કરવા અભ્યાસ કરવા આવે છે. તેમણે અન્ય કોઈ વિદ્યાર્થીને હેરાનગતિ કે દુઃખ પહોંચાડવું જોઈએ નહીં. એક સન્માનિત ડોક્ટર બનવા જઈ રહેલા વિદ્યાર્થીઓમાં માનવતા હોવી અત્યંત જરૂરી છે, જેથી તેઓ સાચી સેવા કરી શકે.

મંત્રીએ રાજયની અન્ય કોલેજોને પણ ચેતવણી આપી હતી કે, રેગિંગની નાની એવી પણ ફરિયાદ મળશે તો રાજય સરકાર તુરંત કાર્યવાહી કરશે. તેમણે ઉમેર્યું કે, અન્ય વિદ્યાર્થીઓને ત્રાસ આપવાથી ઘણીવાર યુવાનો આત્મહત્યા જેવું ગંભીર પગલું ભરી શકે છે. ૧૮થી ૨૦ વર્ષના યુવાનોમાં વિચાર કે સહનશક્તિ ઓછી હોય છે, તેથી કોઈનો લાડકવાયો છીનવાય નહીં અને તેમની કારકિર્દી પૂર્ણ ન થાય તે માટે તમામ વિદ્યાર્થીઓએ ખૂબ કાળજી રાખવી જોઈએ.

સરકારના આ કડક નિર્ણયથી મેડિકલ કોલેજોમાં શિસ્ત અને જવાબદારીનું વાતાવરણ જળવાઈ રહે તેવો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે.

## નલિયા ૧૧ ડિગ્રી સાથે સૌથી ઠંડુ

# વહેલી સવારે-રાત્રે ઠંડીનો માહોલ, બપોરે ગરમીનો અનુભવ; ૧ ડિસેમ્બર સુધી હવામાન શુષ્ક રહેશે



રાજયના મોટાભાગના શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો છે, એટલે કે ઠંડીમાં વધારો થયો છે. સૌથી ઓછું ન્યૂનતમ તાપમાન નલિયા ખાતે ૧૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ત્યારબાદ વડોદરા જયાં ન્યૂનતમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જયારે અમદાવાદમાં ૧૮.૩ ડિગ્રી સેલ્સિયસ અને પોરબંદરમાં ૧૪.૭ ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટ ૧૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન આગાહીની આગાહી મુજબ, ૨૫ નવેમ્બરથી ૧ ડિસેમ્બર સુધી હવામાન શુષ્ક રહેશે. ન્યૂનતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ઉત્તર અને દક્ષિણ ગુજરાતના તટીય ક્ષેત્રોમાં પવન ઉત્તરથી ઉત્તર-પૂર્વ દિશામાંથી ૧૫થી ૨૦ નોટની ઝડપે ફૂંકાશે. આજે અમદાવાદમાં મુખ્યત્વે ચોખ્ખું આકાશ રહેશે. ન્યૂનતમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે. નોંધાયેલું સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ જે સામાન્ય કરતાં ૩.૫ ડિગ્રી સેલ્સિયસ ઓછું નોંધાયું હતું.

ઇથોપિયા જવાળામુખીની અસર વિશે હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ. કે.દાસે જણાવ્યું હતુ કે, રાખના વાદળો ચીન તરફ વહી રહ્યા છે. ભારતના આકાશમાંથી સાંજે ૭:૩૦ વાગ્યા સુધીમાં દૂર થઈ જશે. હાલમાં, મુંબઈના મેટ્રોલોજીકલ સેન્ટર વોચ ઓફિસના બુલેટિનમાં તેની કોઈ અસરનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો.

Date-26/11/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### સાઇબર ક્રાઇમથી રહો સાવધાન

છેલ્લા એકાદ વર્ષમાં અખબારોમાં સાઇબર ક્રાઇમ વિશેના જેટલા સમાચાર આવ્યાં છે એટલા અગાઉ ભાગ્યે જ જોવા મળ્યાં હશે. સાઇબર ગુનેગારો કંઇકેટલીય તરકીબો અજમાવીને ગણતરીના સમયમાં લોકોના બેંક ખાતા ખાલી કરી નાખે છે.સામાન્ય રીતે કેવાયસી , ઓટીપી ના નામે કે પછી ખાતું બંધ થઇ જશે એવો ડર બતાવીને લોકો પાસેથી તેમના અકાઉન્ટની વિગતો મેળવી લેવામાં આવે છે.આટલું ઓછું હોય તેમ છેલ્લા કેટલાક સમયમાં વીજળીનું કનેક્શન કપાઇ જશે એવો ડર બતાવીને પણ અનેક લોકોની લોહીપાણી એક કરીને કરવામાં આવેલી બચત બેંક ખાતામાંથી સરકાવી લેવામાં આવી છે.તદુપરાંત ક્યારેક લોટરી, ગાડીનો ડ્રો કે કરોડપતિ બનાવવાની લાલચ આપીને છેતરપિંડી આચરવામાં આવે છે.આવી સ્થિતિમાં સાઇબર ગુનેગારોને તમારા બેંક ખાતા પર હાથસાફ કરતાં શી રીતે અટકાવવા તે જાણવું અત્યંત આવશ્યક છે.આજે આપણે આ વિષય પર વાત કરીએ.નિષ્ણાતો તેના વિશે જાણકારી આપતાં કહે છે...,

ઓટીપી એટલે વન ટાઇમ પાસવર્ડ, આ એક સિક્યુરિટી કોડ છે.તે બેંકિંગ ટ્રાન્ઝેક્શન, ઓનલાઇન શોપિંગ,અન્ય કોઇ ઓનલાઇન સર્વિસના ઉપયોગ,સોશ્યલ મીડિયા અકાઉન્ટ બનાવવા,નવું પાસવર્ડ બનાવવા માટે જરૂરી છે. તે આપણને એસએમએસ,કોલ અથવા ઇમેલથી મળે છે.

નાણાંકીય બાબતોમાં જો કોઇ અજાણી વ્યક્તિ ઓટીપી માગે તો બિલકુલ ન આપવું.જો તમે ઓનલાઇન કશું ન મગાવ્યું હોય તોય કોઇ ડિલીવરીના નામે વેરિફિકેશન માટે ઓટીપી માગે તો તેને બિલકુલ ન આપો.

અજાણી લિંક પર ક્લિક ન કરો

કોઇપણ અજાણી લિંક પર ક્લિક કરવાથી તમારા ફોન અથવા કમ્પ્યુટર પરનો કાબૂ તમારા હાથમાં નહીં રહે. તેથી જે લિંકમાં કોઇ લાલચ આપવામાં આવી હોય તેને ક્લિક કરવાની ભૂલ ન કરો.

જો તમને કોઇ પાસેથી પૈસા લેવાના હોય અને બીજા છેડેથી કોઇ અજાણી વ્યક્તિ તમને ફોન કરીને કહે કે અમુકતમુક લિંક પર ક્લિક કરવાથી તમને તમારું પેમેન્ટ મળી જશે તો તેની વાત બિલકુલ ન માનો.

વેરિફિકેશનના નામે ,વીજળીનું બિલ ભરવાના નામે કે અન્ય કોઇ બહાને ચોક્કસ એપ ડાઉનલોડ કરવાનું કહેવામાં આવે તો સાવધાન થઇ જાઓ.આવી કોઇ એપ ડાઉનલોડ કરવાની ભૂલ ન કરો.આવી એપ ડાઉનલોડ કરવાથી સંબંધિત વ્યક્તિ તમારા ફોનનો ડેટા, બેંકોની વિગતો ચોરી શકે છે.આ પ્રકારની એપ ડાઉનલોડ કરવાથી ફોન અથવા કમ્પ્યુટરનો કંટ્રોલ છેતરપિંડી કરનારી વ્યક્તિના હાથમાં જઇ શકે છે.

જો તમને કોઇની પાસેથી પેમેન્ટ આવવાનું હોય તો તમારે તેને ઓટીપી અથવા ક્યુઆર કોડ આપવાનો નથી રહેતો.ધારો કે તમે કોઇ વસ્તુ ઓનલાઇન વેચી છે અને તમને તેનું પેમેન્ટ આવવાનું છે. આવી સ્થિતિમાં જો સામી વ્યક્તિ તમને એમ કહે કે હું તમને ક્યુઆર કોડ આપું છો. તમે તે સ્કેન કરશો એટલે તમને તમારા નાણાં મળી જશે તો એવું બિલકુલ ન કરો. વાસ્તવમાં ચૂકવણી કરવા માટે તેની જરૂર પડે છે, નાણાં લેતી વખતે નહીં. તમારા ફોનના સિગ્નલ અચાનક બંધ થઇજાય તો સાવધાન થઇ જાઓ.શક્ય છે કે સિમ સ્વેપિંગના પ્રયાસો થઇ રહ્યાં હોય.જો આવું કાંઇ બને તો અન્ય કોઇના ફોન દ્વારા જાણવાનો પ્રયત્ન કરો કે તમારા નામે બીજું સિમ તો આપવામાં નથી આવ્યું ને? આઠ ડિજિટનો પાસવર્ડ બનાવો જેમાં આંકડા, શબ્દો અને જેવા સ્પેશ્યલ કેરેક્ટર્સ પણ હોય. કેટલીક વેબસાઇટ્સ કમ્પ્યુટર કે ફોનને રિમોટ પર લઇ શકે છે. કામ માટે તે બહુ ઉપયોગી છે. પરંતુ છેતરપિંડી કરનારાઓ પણ તેનો ઉપયોગ કરે છે. રિમોટ એક્સેસ આપતી વેબસાઇટ્સ અને એપ એનીડેસ્ક અથવા ટીમ વ્યુઅર કે પછી તેના જેવી જ હોઇ શકે છે.જો કોઇ અજાણી વ્યક્તિ તે ડાઉનલોડ કરવાનું કહે તો ન કરો.

સાવધાનીના આટલાં પગલાં ભર્યા પછી પણ જો તમે સાઇબર ક્રાઇમના શિકાર બનો તો તેને માટે જારી કરવામાં આવેલા હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર તુરંત ફોન કરો. આ હેલ્પલાઇન નંબર ચોવીસે કલાક ચાલુ રહે છે. તેના સિવાય તમે સાઇબરક્રાઇમ. ગવર્મેન્ટ.ઇન પર પણ ફરિયાદ કરી શકો છો.

# અમદાવાદઃ રોડ પર છત્રી લઈને સિમકાર્ડ વેચનારથી ચેતજો! 'ડિજિટલ એરેસ્ટ' ફ્રોડ માટે વિદેશમાં સિમ સપ્લાય કરતાં એજન્ટો ઝડપાયા

અમદાવાદ શહેર સાયબર ક્રાઇમ બ્રાંચે એક ચોંકાવનારા આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કરીને ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આ નેટવર્ક ભારતીય નાગરિકોના આધારકાર્ડ અને ફિંગરપ્રિન્ટ જેવા સંવેદનશીલ દસ્તાવેજોનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર રીતે સિમકાર્ડ ઇશ્યુ કરતું હતું. આ સિમકાર્ડનો ઉપયોગ ખાસ કરીને 'ડિજિટલ એરેસ્ટ' જેવા ગંભીર પ્રકારના સાયબર ફ્રોડ આચરતા દુબઈ અને કંબોડિયા સ્થિત કોલસેન્ટરો દ્વારા કરવામાં આવતો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, આ ગેંગ સામાન્ય ગ્રાહકોના વિશ્વાસનો ભંગ કરીને સમગ્ર કૌભાંડ આચરતી હતી. રોડ પર સિમકાર્ડ કઢાવવા કે ટ્રાન્સફર કરાવવા બેસતા 'છત્રીવાળા' એજન્ટો ગ્રાહકોને સર્વર ડાઉન થવાની ખોટી વાત કરીને તેમની પાસેથી ડોક્યુમેન્ટ મેળવતા. ગ્રાહકની જાણ બહાર, તેમના ડોક્યુમેન્ટ અને ફિંગરપ્રિન્ટનો ઉપયોગ કરીને નવું ગેરકાયદેસર સિમકાર્ડ ઇશ્યુ કરી દેવામાં આવતું હતું.

આ પ્રકારે ઇશ્યુ થયેલા સિમકાર્ડનો ઉપયોગ 'ડિજિટલ એરેસ્ટ' ફ્રોડમાં થયો હોવાની ફરિયાદના આધારે સાયબર ક્રાઇમ બ્રાંચે આ સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

પોલીસ તપાસમાં સિમકાર્ડ સપ્લાયનું એક કમિશન આધારિત સ્તરબદ્ધ નેટવર્ક સામે આવ્યું છે, જેનું એક ખાસ કમિશનનું માળખું હતું. જેમાં આરોપી એજન્ટ ગ્રાહકના નામે સિમકાર્ડ ઇશ્યુ કરીને રૂ. ૪૦૦ના કમિશને આરોપી-રને આપતો હતો. બીજો આરોપી તે સિમકાર્ડ્સને રૂ. ૭૦૦ના કમિશને ત્રીજા આરોપીને આપતો હતો. અંતે, ત્રીજો





આરોપી આ સિમકાર્ડ્સને રૂ. ૧૨૦૦થી રૂ. ૧૫૦૦ના કમિશને ભારત બહાર દુબઈ થઈને કંબોડિયા ખાતે મોકલી આપતો હતો, જ્યાં તેનો ઉપયોગ ભારતીયોને છેતરવા માટે થતો હતો.

સાયબર ક્રાઇમ બ્રાંચની ટીમોએ ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને અમદાવાદ, રાધનપુર, પાટણ અને રાજસ્થાન સહિતના વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. આ તપાસના અંતે ત્રણ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. પોલીસે આરોપીઓ પાસેથી વિવિધ કંપનીઓના મોબાઇલ ફોન સહિત કુલ રૂ. ૧,૨૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**આ સિમકાર્ડનો ઉપયોગ ખાસ કરીને 'ડિજિટલ એરેસ્ટ' જેવા ગંભીર પ્રકારના સાયબર ફ્રોડ આચરતા દુબઈ અને કંબોડિયા સ્થિત કોલસેન્ટરો દ્વારા કરવામાં આવતો હતો.**

## કચ્છઃ રાપરના કુડા પાસેના રણની સીમા પાસેથી વધુ એક પાકિસ્તાની યુગલ ઝડપાયું, ગૌરી અને પોપટ છે સિંધના મીઠી પ્રાંતના



કચ્છના રાપરમાં વધુ એક પાકિસ્તાની યુગલ ઝડપાયું છે. રાપરના કુડા પાસેની રણ સીમામાંથી ઝડપાયેલા પાકિસ્તાની યુગલને ઇજન્સીએ બાલાસર પોલીસને સોંપવાની કામગીરી હાથ ધરી છે. તમને જણાવી દઈએ કે, આશરે દોઢ માસ પહેલા 'તોતો-મીના' નામનું પાકિસ્તાની યુગલ ઝડપાયું હતું. બાલાસર પોલીસે વધુ એક ઝડપાયેલા પાકિસ્તાની યુગલની પૂછપરછ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કચ્છના રાપરમાં બોર્ડર સિક્યોરીટી ફોર્સ ને બાલાસર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કુડા નજીકથી પાકિસ્તાની યુગલ પકડાયું છે. જેમાં ૨૪ વર્ષીય યુવકનું નામ પોપટ નથ્થુ અને ૨૦ વર્ષીય યુવતીનું નામ ગૌરી ઉર્ફે ગુલાબ મુંગરીયો હોવાનું સામે આવ્યું છે.

તમને જણાવી દઈએ કે, ગત ૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ 'તોતો-મીના' નામનું પાકિસ્તાનની યુગલ રણ સરહદ પાર કરીને કચ્છના રાપરના સરહદી રતનપર ગામે પહોંચી આવ્યા હતા.પાકિસ્તાની યુગલ મામલે જાગૃત ગ્રામજનોને ધ્યાને આવતાં બંનેને ખડીર પોલીસના હવાલે કરાયા હતા. પ્રાથમિક પૂછપરછમાં તેઓ સગીર અને એકબીજાને પ્રેમ કરતા હોવાનું જણાવ્યું હતું. જેમાં યુગલના પરિવારને મંજૂર ન હોવાથી તેઓ સરહદ પાર કરીને ભારત આવી પહોંચ્યા હતા. જોકે પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, તોતો ઉર્ફે તારા રણમલ ચૂડી (ભીલ)ની ઉંમર ૨૦ વર્ષથી વધુ અને મીના ઉર્ફે પુજા કરશન ચૂડીની ઉંમર ૧૮થી ૨૦ વર્ષની અંદરમાં હોવાનું જણાય છે. પાકિસ્તાન છોડીને ભારતમાં ઘૂસી આવેલા પાકિસ્તાની યુગલ સામે ૧ મહિનો અને ૧૦ દિવસ બાદ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## માવઠાથી શાકભાજીના ભાવમાં 30% સુધીનો ઉછાળો

### મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયું, બજારમાં શાકભાજીની આવકમાં ઘટાડો થતાં સ્થિતિ સર્જાઇ



ભરૂચ- રાજયમાં તાજેતરમાં થયેલા વરસાદી માવઠાને કારણે શિયાળુ શાકભાજીના ભાવમાં સરેરાશ ૩૦ ટકા સુધીનો ઉછાળો નોંધાયો છે. બજારમાં શાકભાજીની આવકમાં ઘટાડો થતાં આ સ્થિતિ સર્જાઈ છે, જેનાથી મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ ખોરવાઈ ગયું છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર, અનિચ્છનીય સમયે થયેલા વરસાદી માવઠાથી ખેડૂતોને ભારે નુકસાન થયું છે. પાકને થયેલા નુકસાન અને બજારમાં ઓછી આવકને કારણે શાકભાજીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે.

વેપારીઓના મતે, માલની અછત અને વધતી માંગને કારણે આગામી દિવસોમાં પણ ભાવ સ્થિર થવાની શક્યતા ઓછી છે. આના પરિણામે, સામાન્ય ગૃહિણીઓને રોજિંદા રસોડાના ખર્ચમાં વધારો સહન કરવો પડશે અને તેમનું બજેટ વધુ ખોરવાશે.

## નવસારીના કાછિયાવાડી વિસ્તારમાં દોઢ વર્ષીય દીપડી પાંજરે પુરાતા રાહત



નવસારી- નવસારી જિલ્લામાં દીપડા અવાર નવાર દેખાવાની ઘટના વારંવાર બની રહી છે. શનિવારના રાત્રીના સમયે કાછિયા વાડી વિસ્તાર માં એક ખેતરમાં વન વિભાગ દ્વારા મુકાયેલા પાંજરામાં દોઢ વર્ષીય દીપડી પાંજરે પુરાવાની ઘટના બની છે. નવસારી તાલુકાના વોર્ડ ૫માં આવેલ કાછિયાવાડી વિસ્તારમાં પૂરના નદીના કાંઠા વિસ્તારમાં દીપડો દેખાયાની સ્થાનિકોએ વન વિભાગને જાણ કરી હતી

અને વન વિભાગના અધિકારી દ્વારા ખુશાલપાર્કની પાછળ આવેલ નગીનભાઈના ખેતરમાં પાંજરુ મૂકવાંમાં આવ્યું હતું. રાત્રીના સમયે દીપડી પાંજરે પુરાયાની માહિતી મળતા વન વિભાગના અધિકારીઓએ આવીને પાંજરાનો કબજો લીધો હતો અને તેને મેડિકલ તપાસ બાદ અભ્યારણ માં છોડી મૂકશે તેવી માહિતી મળી છે. નવસારી જિલ્લામાં આવેલ પૂર્વ વિભાગની નદીના કાઠે દીપડાની હાજરી નવસારી જિલ્લાના પુરના નદીના સુપા ગામથી લઈને મોલધરા, કાછિયાવાડી અને અંબિકા નદી અને નહેર નજીક આવેલા ખેતરોમાં દીપડાની હાજરી દેખાઇ છે. વનમાંથી તેઓ નદી અને નહેરના કિનારે તેઓ ખોરાકની શોધમાં આવી રહ્યા છે.

## સુરત મનપામાં કામ કરતી BLO યુવતીનું શંકાસ્પદ મોત

### મારી લાડકી છે', કહીને મૃતકની બહેનનું હૈયાફાટ રુદન, અમદાવાદ-જામનગરમાં BLOની તબિયત લથડી



સુરત- રાજયમાં દિવસે ને દિવસે BLOની કામગીરી કરતા કર્મચારીઓનાં મોતની ઘટના સામે આવી રહી છે. સુરત મહાનગરપાલિકામાં ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતી અને ઇકઘ તરીકે વધારાની જવાબદારી સંભાળતી ૨૬ વર્ષીય ડિમ્પલ શીંગોડાવાલાનું શંકાસ્પદ મોત નીપજ્યું છે. દીકરીના મોતને પગલે હોસ્પિટલ પરિસર પરિવારના હૈયાફાટ રુદનથી ગમગીની છવાઈ ગઈ હતી.

તો બીજી તરફ અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં ઇકઘ તરીકે ફરજ બજાવતી મહિલાની અચાનક તબિયત લથડતા હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આ ઉપરાંત જામનગરમાં ૭૯-વિધાનસભા વિસ્તારમાં સત્યમ કોલોની, આહીર સમાજ પાસે મસીતીયા વાડી શાળાના શિક્ષિકા હિરલબેન ત્રિવેદી BLO તરીકે ફરજ બજાવી રહ્યા હતા ત્યારે અચાનક ચક્કર આવતા તેઓ બેભાન થઇ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના માસમા ગામમાં ૨૬ વર્ષીય ડિમ્પલ મહેશભાઈ શીંગોડાવાલા પરિવાર સાથે રહેતી હતી. તે હાલ સુરત મનપાના વરાછા ઝોનમાં ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતી હતી. ચૂંટણીપંચ દ્વારા તેને SIRની કામગીરી માટે BLO તરીકે વધારાની જવાબદારી સોંપી હતી, જોકે આજે ડિમ્પલ પોતાના ઘરે બાથરૂમમાં બેભાન અવસ્થામાં મળી આવી હતી.

આ અંગે પરિવારને જાણ થતાં જ ડિમ્પલને તાત્કાલિક સુરતની ખાનગી હોસ્પિટલ લઈને આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. યુવાન મહિલા અધિકારીના અચાનક મોતને કારણે અનેક સવાલો ઊભા થયા છે. રાજયમાં અગાઉ પણ ઇકઘની કામગીરીના વધતા ભારણને કારણે શિક્ષકોના આત્મહત્યા અને હૃદયરોગના કારણે મોતના કિસ્સા સામે આવી ચૂક્યા છે.

**ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે**

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઇ મો.97242 60058





સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

Date-26/11/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## બારડોલી શાસ્ત્રીરોડ ખાતે શ્રી સત્ય સાંઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ હોસ્પિટલ ખાતે

# શ્રી સત્ય સાંઈ બાબાની ૧૦૦ મી જન્મજયંતિ ધામધૂમથી ભવ્ય ઉજવણી ભક્તિમય વાતાવરણ માં શતાબ્દીની ઉજવણી










**બારડોલી :** શાસ્ત્રીરોડ ખાતે શ્રી સત્ય સાંઈ ચેરીટેબલ સેવા પ્રશાંતિ ટ્રસ્ટ શ્રી સત્ય સાઈ બાબાની ૧૦૦ મી જન્મજયંતિના પાવન અવસરે બારડોલીમાં ભક્તિ, સેવા સમર્પણ અને માનવતાનો સંદેશ આપતો ભવ્ય કાર્યક્રમ યોજાયો. આકર્ષક પુષ્પ ફૂલસજ્જા અને રંગીન લાઈટિંગથી સજેલા મંચ વહેલી સવાર થી જ શ્રદ્ધાળુઓની મોટી સંખ્યા દર્શન માટે ઉમટી પડી હતી. સમગ્ર પરિસરમાં ઓમ્ સાઈ રામ ના જાપ અને સાઈભજનોની ધૂન થી ભક્તિમય વાતવરણ ગુંજી ઉઠ્યું

કાર્યક્રમ દરમિયા આયોજન સભ્યો અને સેવાભાવી કાર્યકરોએ જણાવ્યું કે સત્ય સાઈ બાબાએ પોતાનું સમગ્ર જીવન માનવ સેવા, પ્રેમ, સર્વધર્મ સમભાવ અને રાષ્ટ્રીય એકતા માટે સમર્પિત કર્યું હતું. ૧૦૦ મી જન્મજયંત? નિમિત્તે સંસ્થા દ્વારા અનેક સેવા પ્રવૃત્તિઓ જેમ કે ગરીબોને ભોજન. કપડાં વિતરણ, સ્વાસ્થ્ય સેવાઓ આંખ ના મોતિયા ઓપરેશન અને સામાજિક કલ્યાણકારી કાર્યો થી સેવા કરવા મા આવે છે.

શ્રી સત્ય સાંઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલીના સેવાભાવી ટ્રસ્ટી પ્રમુખશ્રી શાંતુભાઈ પટેલે જણાવ્યું: સત્ય સાઈ બાબાનો સંદેશ છે ૪પ્રેમ જ ઈશ્વર છે અને સેવા જ સર્વોત્તમ ધર્મ છે. આ શતાબ્દી જન્મજયંતિએ અમે સમાજ સેવા માટે વધુને વધુ કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી છે. સત કર્મ સેવા જ મોક્ષ નું દ્વાર છે.

કાર્યક્રમમાં સાંઈ ભજનો, સમૂહ પ્રાર્થના, દીપ પ્રજવલન અને સત્સંગ કથા પુંજા નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બારડોલી શહેરના મહિલાઓ, યુવાઓ અને વરિષ્ઠ નાગરિકોએ ઉત્સાહ થી ભક્તિ ભાવપૂર્વક ભાગ લીધો. સજાવટ કરાયેલા સાઈ બાબાના સુંદર મંડપ અને ઉજ્જવળ લાઇટિંગે સમગ્ર વાતાવરણને દિવ્ય તેજથી વાતાવરણ ઝળહળતું બન્યું.

આરતી લાભ બાદ અંતમાં ઉપસ્થિતિ સાઈભકતોને મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. શ્રદ્ધાળુઓએ આ ૧૦૦ મી શતાબ્દી દિવસને આધ્યાત્મિક અનુભૂતિ અને પુણ્યપ્રાપ્તિનો શુભ અવસર ગણાવ્યો.

બારડોલી શાસ્ત્રી રોડ હોસ્પિટલ ખાતે શ્રી સત્ય સાંઈ ચેરીટેબલ પ્રશાંતિ સેવા ટ્રસ્ટ દ્વારા શતાબ્દી ઉત્સવ વિશેષ કાર્યક્રમએ સત્ય સાઈ બાબાની ૧૦૦ મી જન્મજયંતિને સેવા, ભક્તિ અને માનવતાની પ્રેરણાદાયી ઉજવણી તરીકે યાદગાર બનાવી દીધી હતી.

# ખોલવડમાં ૪૩ વર્ષીય પરપ્રાંતિય મૃત હાલતમાં મળ્યો:કામરેજ પોલીસે રહસ્યમય સંજોગોમાં મોત અંગે તપાસ શરૂ કરી



બારડોલી- કામરેજના ખોલવડમાં એક ૪૩ વર્ષીય પરપ્રાંતિય વ્યક્તિ રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવ્યો છે. આ ઘટના બાદ કામરેજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૃતક રાજીવકુમાર રામપ્રવેશ સિંહ (ઉં.વ. ૪૩) મૂળ બિહારના પટના જિલ્લાના પીર બોધાન ગામનો વતની હતો અને હાલ ખોલવડમાં રહેતો હતો. તે ખોલવડ ગામની સીમમાં, આર.કે. કોલોની ફળિયા, રાધે કૃષ્ણ મંદિરની બાજુમાં આવેલી સરકારી શાળાની ખુલ્લી જગ્યામાંથી મૃત હાલતમાં મળી આવ્યો હતો.

આ અંગે કામરેજ પોલીસને જાણ થતાં પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી રાજીવકુમારનું મોત કયા સંજોગોમાં અને કેવી રીતે થયું તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. અન્ય ઘટનાની વાત કરીએ તો ધોરણ પારડી સીમમાં આવેલી બ્લોક નંબર ૫૦૮ વાળા ખેતર માંથી અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. નવીપારડી માહ્યાવંશી ફળિયા ખાતે રહેતા પ્રવીણ નારણભાઈ પરમાર ધોરણ પારડી ખાતે સર્વે ૧૦૦ બ્લોક નંબર ૫૦૮ વાળી જમીન ધરાવે છે. રવિવારે ખેતરમાં મજૂરોએ અંદાજે ૪૫ વર્ષીય અજાણ્યાને મૃત જોતા ખેતર માલિક પ્રવિણભાઈને ફોનથી જાણ કરતા પોતે બહાર હોય તેમણે બાજુના ખેતર માલિક છીતુભાઈ પટેલને ફોન કરી સ્થળ પર મોકલ્યા હતા, જયાં અજાણ્યો મૃત મળી આવ્યો હતો. શરીરે લાલ અને કાળા કલરની હાફ બાંય ગંજી, કમરે કાળા કલરનો પેન્ટ ધારણ કરેલ તેમજ બાવળા પર હનુમાન દાદાનું તેમજ ડાબા હાથ પર ત્રિશુલનુ છૂંદણું જણાવ્યું હતું.

# કીમની નોનવેજ રેસ્ટોરાં પર ફૂડ વિભાગનો દરોડો:ઓનલાઈન ફરિયાદ બાદ સેમ્પલ લઈ તપાસ શરૂ કરાઈ



ફૂડ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહી રેસ્ટોરાં વિરુદ્ધ મળેલી ઓનલાઈન ફરિયાદના આધારે કરવામાં આવી

ઓલપાડ- સુરતના ઓલપાડ તાલુકાના કીમ-કઠોદરા રોડ પર આવેલી એક નોનવેજ રેસ્ટોરાં પર ફૂડ એન્ડ ડ્રગ વિભાગે દરોડો પાડ્યો છે. ઓનલાઈન ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં રેસ્ટોરાંમાંથી ખાદ્ય પદાર્થોના સેમ્પલ લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. વિભાગની ટીમે કીમ-કઠોદરા રોડ પર આવેલી 'એ-વન બોમ્બે કેટરર્સ' નામની નોનવેજ રેસ્ટોરાં પર અચાનક દરોડો પાડ્યો હતો. ટીમે રેસ્ટોરાંમાં બનતી વિવિધ નોનવેજ વાનગીઓના નમૂના એકત્રિત કરી તેને લેબોરેટરીમાં પૃથક્કરણ માટે મોકલી આપ્યા છે. ફૂડ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહી રેસ્ટોરાં વિરુદ્ધ મળેલી ઓનલાઈન ફરિયાદના આધારે કરવામાં આવી છે. સેમ્પલના રિપોર્ટ આવ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જોકે, આ દરોડાને લઈને સ્થાનિક નાગરિકોમાં કેટલાક સવાલો ઉભા થયા છે. લોકો પૂછી રહ્યા છે કે ફૂડ વિભાગ માત્ર નોનવેજ રેસ્ટોરાં પર જ કાર્યવાહી શા માટે કરે છે, જયારે કીમ વિસ્તારમાં ઠેર ઠેર ધમધમતી અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી ચાઈનીઝ લારીઓ પર ક્યારે કાર્યવાહી કરવામાં આવશે? નાગરિકોએ એ પણ સવાલ ઉઠાવ્યો છે કે, સામાન્ય રીતે તહેવારોના સમયે જાગૃત થતું ફૂડ વિભાગ તહેવારો પૂરા થયા બાદ કાર્યવાહી કરી રહ્યું છે. જયાં સુધી સેમ્પલના રિપોર્ટ આવે ત્યાં સુધીમાં તો હલકી ગુણવત્તાવાળી વસ્તુઓ લોકો ખાઈ ચૂક્યા હોય છે. વિભાગની આ પસંદગીયુક્ત કાર્યવાહી પાછળનું કારણ સ્પષ્ટ થવું જરૂરી છે.

# બારડોલીના ખલી ગામે કેદારેશ્વર મંદિરે ધાર્મિક કાર્યક્રમ:ભક્તોએ યજ્ઞ, રુદ્ર અને વૃક્ષારોપણ સાથે ઉજવણી કરી



આ મંદિર આશરે ૭૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે. અહી વર્ષો પૂર્વે સ્વયંભૂ શિવલિંગ પ્રગટ થયું હતું

બારડોલી- બારડોલીના ખલી ગામે આવેલા પૌરાણિક કેદારેશ્વર મહાદેવ મંદિરમાં નવીનીકરણની ૧૬મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

આ મંદિર આશરે ૭૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે. અહી વર્ષો પૂર્વે સ્વયંભૂ શિવલિંગ પ્રગટ થયું હતું અને પેઢી દર પેઢીથી પૂજા-અર્ચના થતી આવી છે. આજથી ૧૬ વર્ષ પહેલાં આ મંદિરનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. સાલગીરાહની ઉજવણીના ભાગરૂપે વહેલી સવારથી જ યજ્ઞપૂજન, લઘુ રુદ્ર અને હવન જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત, પર્યાવરણ જાગૃતિના હેતુથી વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. યજ્ઞ અને હવનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. દિવસભર ચાલેલા આ ધાર્મિક કાર્યક્રમો બાદ મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ અનેક ભક્તોએ લીધો હતો.













ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ધામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).